# ઉનાળુ પાક બચાવવા પાણી અને વીજળી આપો

## હીટવેવની તીવ્રતાથી ખેડૂતો ચિંતાતુર : પિયત માટે વીજપુરવઠો ૧૨ કલાક તો ઓછામાં ઓછો મળવો જોઈએ

ગાંધીનગર, તા. ૧૬

હીટવેવને પગલે ગાંધીનગર જિલ્લાના ખેડૂતો ચિંતાતુર બની ગયા છે. ૪૦ ડિગ્રીથી તાપમાન નીચે ન થઈ રહ્યુ હોવાથી હવે પાક સામે ખતરો ઉભો થયો છે અને ઉભા પાકને બચાવવા માટે પાણી તેમજ વધુ વીજ પુરવઠાની માંગ ખેડૂતો કરી રહ્યા છે.

હીટવેવને પગલે ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષની તુલનામાં ૧૦ હજાર હેક્ટર જેટલા વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે અને આ હીટવેવને પગલે જ હવે ઉભા પાકને નુકશાન થવાનો ભય ઉભો થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

ગાંધીનગર જિલ્લામાં આમેય પિયત માટેના સંશાધનો સિમીત છે તેમજ હીટવેવને પગલે પાણીના સ્તરની સપાટી પણ ઝડપથી ઘટી રહી છે. હીટવેવને પગલે જમીનમાં જે ભેજ હોવો જોઈએ તે પણ ઘટી રહ્યો છે અને તેની સીધી અસર પાકના ઉગાવા પર થતી હોય છે.

જિલ્લામાં ખેતીને બચાવવા માટે પાણી અને વીજપુરવઠો હાલ જે ૬ થી ૮ કલાક જ મળે છે તેમાં વધારો કરી ઓછામાં ઓછા ૧૨ કલાક વીજ પુરવઠો આપવામાં આવે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

પિયતના સાધનો સીમીત હોવાને કારણે પાણીને ખેતર સુધી લઈ જવામાં પણ સારો એવો સમય લાગતો હોય છે. આ સંજોગોમાં વીજપુરવઠો જે હાલ આપવામાં આવે છે તે બમણો કરી દેવો જોઈએ તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

અતિશય ગરમીને પગલે પાકને ઉભો રાખવા માટે પણ વધુ પ્રમાણમાં પાણી આપવુ જરૂરી છે. ગરમીને પગલે પાક સુકાવાનો પણ ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.

● અનુસંધાન પાન-૫ પર

# હીટવેવને પગલે છાશનું વેચાણ ૭૦ હજાર લીટર થયુ : રાણા

## મધુરનુ દહી પણ વેચાણના નવા શિખરો પર પહોંચ્યુ છે, હીટવેવને પગલે ઠંડા પીણા અને આઈસક્રીમની માંગમાં પણ વધારો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં અત્યારે દૈનિક ૭૦ હજાર લીટર છાશ લોકો પીવે છે. આ ઉપરાંત ઘરના વલોણાની છાશ અલગ.

હીટવેવ જે તીવ્રતાથી શહેર અને જિલ્લામાં પ્રવર્તી રહ્યો છે તેને પગલે છાશના વેચાણમાં ૫૦ ટકાથી પણ વધુ વધારો નોંધાયો હોવાનો એકરાર મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીત દરમ્યાન કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે સામાન્યતઃ એપ્રિલ-મે માં ૨૨ થી ૪૦ હજાર લીટર જેટલુ જ છાશનું વેચાણ અગાઉના વર્ષોમાં નોંધાયુ છે. જો કે આ વખતે માર્ચના અંતિમ સપ્તાહથી જે હીટવેવ ચાલુ થયુ છે તેને પગલે છાશના વેચાણમાં સતત વધારો થઈ રહ્યો છે. એપ્રિલમાં જ આ વેચાણ ૭૦ હજાર લીટરને પાર કરી ગયેલ છે અને હજુ પણ જે રીતે માંગ વધી રહી છે તે જોતાં ટુંકમાં જ ૮૦ હજાર લીટર સુધીનું વેચાણ થઈ શકે છે.

છાશ ઉપરાંત દહીંના વેચાણમાં પણ સારો એવો વધારો નોંધાયો હોવાનું તેમણે જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે છાશ એ અમૃત છે અને ગરમીમાં રાહત માટે લોકો તેને વધુ પસંદ કરી રહ્યા છે.

સચિવાલય સંકુલમાં આવેલી વિવિધ કેન્ટીનોમાં જ રોજની ૧૨ હજાર લીટર જેટલી છાશનું વેચાણ થતુ હોવાનું વિવિધ કેન્ટીન સંચાલકો સાથેની વાતચીતમાંથી જાણવા મળ્યુ છે.

શહેરમાં હીટવેવને પગલે આઈસક્રીમ ઉપરાંત ઠંડા પીણાંના વેપારમાં પણ વધારો થવા પામ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં ઘરના વલોણાની છાશ પણ પીવાતી હોય છે. આ છાશ પણ ૧૫ હજાર લીટર જેટલી બનતી હશે તેવો અંદાજ છે. આમ આ વખતે માર્ચના અંતિમ સપ્તાહથી શરૂ થયેલા હીટવેવને પગલે છાશના ચલણમાં ભારે વધારો થયો છે.



ફળોના રાજાની પધરામણી - ફળોમાં રાજા ગણાતી કેરીનું ફળ પાટનગરમાં ઠેર ઠેર જોવા મળે છે... કેરીના આગમનથી સ્વાદરસિકોમાં ભારે ખુશાલીનો માહોલ વર્તાયો છે... હજુ કેશર કેરીની રાહ જોવાય છે પરંતુ હાલ બદામ, હાફુસ જેવી વિવિધ પ્રકારની કેરીઓ બજારમાં ઉપલબ્ધ બની છે...

# સ્વચ્છતા મિશનની ૧ કરોડ ૧૧ લાખથી વધુની ગ્રાન્ટ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ૩૦૩ ગામોને સ્વચ્છતા મિશન અંતર્ગત ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧,૧૧,૦૮,૭૮૪ રૂ.ની ખાસ ગ્રાન્ટ રાજ્ય સરકારે માથાદીઠ રૂ. બે પ્રમાણે ફાળવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાએ સરકારે ફાળવેલ આ રકમની ફાળવણી વસ્તીના પ્રમાણને ધ્યાને રાખી તાલુકાઓને ફાળવી દેવાના હુકમો પણ કરી દીધા છે.

ગાંધીનગર તાલુકના ૭૪ ગામો માટે ૩૪,૧૩,૩૨૮ની ફાળવણી, કલોલના ૬૯ ગામ માટે રૂ. ૨૭,૯૮,૫૯૨ અને માણસાના ૬૭ ગામોમાં રૂ. ૨૧,૮૫,૭૦૪ તેમજ દહેગામના ૯૩ ગામો માટે રૂ. ૨૭,૧૧,૧૬૦ની રકમ ફાળવી આપવામાં આવી છે.

હવે તાલુકા પંચાયત દ્વારા દરેક ગ્રામ પંચાયતને તે આગામી એક બે દિવસમાં ફાળવી આપશે.

# કલરવ બાલોત્સવનો ત્રીજી મે થી આરંભ

ગાંધીનગર, તા. ૧૬

ઉનાળાના વેકેશનના પ્રારંભે જ શહેરમાં 'સમર કેમ્પ'ના આયોજનો હાથ ધરાય છે. આ સમર કેમ્પમાં બાળકોને રચનાત્મક તથા સાહસિક પ્રવૃત્તિઓ સાથે રમતગમત વગેરેની તાલીમ આપવા ઉપરાંત તેમનામાં રહેલી કલા કે અન્ય પ્રતિભાને બહાર લાવવા પ્રયાસ કરવામાં આવે છે. ગાંધીનગરમાં દર વર્ષે કલરવ સંસ્થા દ્વારા યોજાતો 'બાલોત્સવ' ખૂબ લોકપ્રિય છે. આ વર્ષે પણ મે માસના પ્રારંભમાં 'કલરવ બાલોત્સવ-૨૦૧૭'નું આયોજન કરવામાં આવ્યું છે.

બાળકોને આનંદ આપતી પ્રવૃત્તિને સમર્પિત કલરવ સંસ્થા દ્વારા પ્રથા મુજબ આગામી ઉનાળાની રજાઓમાં તારીખ ૩-૫-૧૭થી ૧૪-૫-૧૭ દરમિયાન દરરોજ સવારના ૭.૫૦ થી ૧૧.૨૦ દરમિયાન બાલોત્સવ તાલીમ શિબિરમાં બાળકોની રંગમંચલક્ષી સુષુપ્ત કલાને વિકસાવવાનો પ્રયત્ન કરાશે. જેમાં જન્મ તા. ૧-૪-૨૦૦૩ થી ૩૧-૩-૨૦૧૦ દરમિયાનની જન્મ તારીખ ધરાવતા ૭ થી ૧૪ વર્ષની વય ધરાવતા બાળકો લાભ લઈ શકશે. કલરવની વાર્ષિક સભ્યપદ રૂ. ૫૦ સાથે જ બાલોત્સવ શિબિર રૂ. ૨૦૦, મળીને કુલ ૨૫૦ છે, જે પરત મળવાપાત્ર નથી.

ગતવર્ષની જેમ જ, પરસ્પર વહીવટી સાનુકૂળતા ધ્યાને લઈને, ચાલુ વર્ષે (૨૦૧૭-૧૮) પણ દરેક બાળમિત્ર માટે ઓનલાઈન વેબસાઈટ www.kalravgandhinagar.org મારફતે પ્રવેશ-પત્ર ભરવાનું છે. ટેબ કે માઉસથી જ એક ખાનામાંથી બીજા ખાનામાં જવુ. દરેક વખતે એન્ટર કી દબાવવી નહી. માત્ર ફોર્મ પુરૂ ભર્યા પછી જ સબમિટ બટન કે એન્ટર કી દબાવવી. સરનામાના ખાના વધારે હોય, તો ખાલી ખાનામાં '-' ટાઈપ કરવુ. ઈમેલ ન હોય તો ખાનુ ખાલી રાખવુ. છેલ્લે સંપૂર્ણ વિગતો ભરેલ ફોર્મમાં સબમિટ બટન ક્લિક કરવાથી અરજદારના મોબાઈલમાં રજીસ્ટ્રેશન નંબર એસએમએસ મારફતે મળશે. આ એસએમએસ અચૂક સેવ કરવો. આ રજીસ્ટ્રેશન નંબર સાથે સાંજે ૫ થી ૭

● અનુસંધાન પાન-૫ પર

# આકરા ઉનાળે નગરનુ જનજીવન વેકેશન અને તીવ્ર ગરમીની અસરથી પ્રભાવિત

## ગરમીનો પારો ૪૨.૫ ડી ગ્રીએ : લઘુત્તમ તાપમાનમાં પણ ૩ ડીગ્રીનો વધારો : રજાના દિવસોમાં ગરમીની અસર વચ્ચે નગરમાં સુનકાર છવાયો : દિવસની આકરી ગરમી બાદ રાત્રિ રોનક નિખરી

ગાંધીનગર તા ૧૬

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી આક્રમક હીટવેવ યથાવત છે. ગરમીનો પારો ૪૫ ડી ગ્રી નજીક આવ્યા બાદ ધીમે ધીમે ગરમીનુ જોર હળવુ થતા નગરજનોએ આકરી ગરમીમાં થોડી રાહત અનુભવી છે. જો કે હજુ પણ મહત્તમ તાપમાન ૪૨ ડી ગ્રીને પાર હોવાથી દિવસના આકરી ગરમીથી જનજીવન પ્રભાવિત છે. આજે લઘુત્તમ તાપમાન પણ ૩ ડી ગ્રી ઉંચુ આવ્યુ હતુ. ઉનાળો આકરો બનતા શહેરના માર્ગો પર દિવસ દરમિયાન સુનકાર વચ્ચે રાત્રિની રોનક નિખરે છે.

ઉનાળાનો મિજાજ ઉગ્ર બનતા ગરમીના દિવસો દિનપ્રતિદિન આકરા બનતા જાય છે. ગરમીનો પારો ૪૨ ડી ગ્રીને પાર રહેતા સિનિયર સિટીઝન્સ અને બાળકો હીટવેવથી વિશેષ પ્રભાવિત થયા છે. આક્રમક ગરમીના લીધે નગરજનો દિવસ દરમિયાન કામ સિવાય બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. જેના લીધે આખો દિવસ માર્ગો પર સન્નાટો જોવા મળે છે. જયારે ગરમીની સાથે વેકેશન હોવાથી શહેરી જનજીવન વિશેષ પ્રભાવિત જોવા મળી રહયુ છે. ગત દિવસોમાં ગરમીનો પારો ૪૪ ડી ગ્રીથી ઉપર પહોંચી જતા નગરજનો બેબાકળા બની ગયા હતા. છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીનુ જોર હળવુ થયુ છે. પરંતુ હજુ પણ મહત્તમ તાપમાન ૪૨ ડી ગ્રીથી વધુ રહેતા ગરમીની અસરથી સૌ તોબા પોકારી ગયા છે.

આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૨.૫ ડી ગ્રી રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ વધારો જોવા મળ્યો હતો. જે ગઈકાલની સાપેક્ષમાં ૩ ડી ગ્રી વધીને ૨૪ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ. ગરમીના લીધે માર્ગોની આસપાસ શેરડીના રસના કોલા અને લીંબુ શિકંજીની લારીએ ભીડ જોવા મળે છે. ત્યારે નગરમાં વેચાણ થતા બરફની ગુણવત્તા સામે પણ અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે. દિવસની ગરમીથી ત્રસ્ત નગરજનો રાત્રિની ઠંડકમાં હરિયાળી લોનમાં ઠંડા થવા સ્વર્ણિમ પાર્કમાં ટહેલતા નજરે પડે છે. નગરમાં વેકેશન અને ગરમીના ટાંણે ઉનાળુ રાત્રિની રોનક નિખરી છે. જયારે આજે પણ રજાના દિવસે ગરમીની અસર વચ્ચે નગરમાં અનોખો સુનકાર જોવા મળ્યો હતો.



# પી એમના સુરત રોડ-શો માટે ગાંધીનગર ડેપોએ ૨૫ બસો ફાળવી

## સોમવારે શહેરી બસ સેવાની ૨૦ ટ્રીપોમાં કાપ : આકરી ગરમીમાં ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા મુસાફરોએ હેરાનગતિ વેઠવી પડશે

ગાંધીનગર તા ૧૬

આજે સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો ને અનુલક્ષી સઘળો તામજામ કરી દેવાયો છે. રોડ શો ના ઠાઠ માંઠને અનુલક્ષી જડબેસલાક સલામતી વ્યવસ્થા પણ ગોઠવી દેવાઈ છે. જયારે રોડ શો માં અવરજવર માટે જરૂરી વાહન વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગાંધીનગરથી પણ સુરત રૂટ માટે ૨૫ બસો ફાળવી દેવામાં આવી છે. ગાંધીનગર ડેપોથી સુરત માટે બસો ફાળવી દેવાતા સોમવારે શહેરી બસ સેવામાં પણ કાપ મુકી દેવાશે. જેના લીધે ગાંધીનગર અમદાવાદ રૂટમાં અવરજવર કરતા મુસાફરોએ પરેશાની વેઠવી પડશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસની ગુજરાત યાત્રા દરમિયાન આજે સુરતમાં રોડ શો નુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રધાનમંત્રી સવારે ૬ : ૪૫ કલાકે સુરત એરપોર્ટ પહોંચશે જયારે ત્યારબાદ રોડ શો નો પ્રારંભ થશે. આ ઉપરાંત વડાપ્રધાન દ્વારા રૂ ૪૦૦ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલી હોસ્પિટલ તેમજ રિસર્ચ સેન્ટરનુ પણ ઉદઘાટન કરવામાં આવશે. આ સિવાય અન્ય પણ ઉદઘાટનના કાર્યક્રમો યોજાશે. પી એમ ના સુરત રોડ શો ને અનુલક્ષી વધુ વાહન વ્યવસ્થા ગોઠવાય તેવુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગાંધીનગર એસ ટી ડેપોથી વધારાની ૨૫ બસો ફાળવવામાં આવી છે. ડેપો કક્ષાએથી ગાંધીનગર અમદાવાદ શહેરી બસ સેવામાં દોડતી બસો સુરત માટે ફાળવવામાં આવી છે. જેના પરિણામે સોમવારે શહેરી રૂટની બસ સેવામાં કાપ આવશે. અલબત્ત ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા મુસાફરોએ હાલાકી વેઠવાનો વારો આવશે. આ ઉપરાંત વેકેશન દરમિયાન આમ પણ શહેરી બસ સેવામાં વિશેષ ટ્રાફિક જોવા મળી રહયો છે. ત્યારે શહેરી બસ સેવાની ૨૦ જેટલી ટ્રીપો ઘટી જતા અપડાઉનકર્તાઓએ હાલાકી વેઠવાનો વારો આવશે.


CENTRAL UNIVERSITY OF GUJARAT
Sector-29, Gandhinagar-382030, Gujarat
Short Term Tender Notice for conducting Online Entrance Examination -2017
File No. 9-72/2017-Admn. Date : 14/04/2017
Tender Notification No. 2/2017-18
Sealed tenders from interested and qualified firms are invited for providing End to End service for Online Entrance Examination 2017. The tender document can be downloaded from the University website www.cug.ac.in Qualified firms may submit their tenders as per specifications along with tender fee of Rs. 1000/- (non-refundable) and an EMD of Rupees One Lakh only through a Demand Draft of a nationalized bank favouring, The Registrar, Central University of Gujarat, payable at Gandhinagar, through Regd. Post / Speed post only so as to reach the undersignedon or before 03.05.2017
Registrar

An opportunity to see the Space Station passing through the Gujarat Sky on 17 & 20 April 2017

| Date | From | To | Direction |
| --- | --- | --- | --- |
| 17 April 2017, Monday | 8.10 pm | 8.14 pm | North-West to South-East |
| 20 April 2017,Thursday | 7.12 pm | 7.16 pm | North-West to South-East |

- The International Space Station, popularly known as Space Station, is the largest spacecraft ever built, and its assembly has been ongoing since 1998.
- Space Station can be seen in naked eye as a bright dot moving in the sky during the above time.
- Special arrangement has been made in Science City at Amphitheater with LED Screen presentation for students and visitors from 7.00 pm onwards.
- For detail information about Space Station, please see the Mission to MIR film on IMAX Theater in Science City.

Gujarat Council of Science City
Dept of Science & Technology
Government of Gujarat
www.scity.gujarat.gov.in

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્બી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફિસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૯, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૭૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૭૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્બી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com